Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY) SINCE 2019
E-ISSN No. 2582–046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

# ઐતિહાસિક દ્રષ્ટિએ ગુજરાતનાં સંગ્રહાલયોનું મહત્વ

**Urvashiben M. Parmar,**
M.A., M.ed., M.phil, G-SET

38 Ishwarkrupa society, Gurukul Kansa Road,
N. A. Area, Visnagar - 384315
Email ID: urvashi47138@gmail.com

**સારાંશ**

સંગ્રહાલય એ જાહેર જનતા, વિધાર્થી, મુસાફરો ,સંશોધન કર્તા ,દરેક વ્યક્તિ માટે ખૂબ જ ઉપયોગી છે. મ્યુઝિયમ જાહેર જનતા માટે તેમની સાંસ્કૃતિક ઇતિહાસ તેમજ તેમાં રહેલી સંસ્કૃતિ ના દર્શન થાય છે તે માટે ઉપયોગી છે. અહી આ મ્યુઝિયમો મુસાફરો અને જાહેર જનતા ના આનંદ માટે પણ ઉપયોગી છે. કારણ કે આવા વ્યક્તિઓને આ નમૂના ના ઇતિહાસ જાણવામાં કોઈ રસ હોતો નથી પરંતુ આ નમૂનાઓને જોવાની તેમજ તેને મહેસુસ કરવાની ખૂબ આનંદ આવતો હોવાથી તેમને ખૂબ જ ઉપયોગી થાય છે. વિધ્યાર્થીઓ અને સંશોધન કર્તાઓ માટે પણ આ મ્યુઝિયમોખૂબ જ ઉપયોગી છે. અહી આવતા સંશોધન કર્તાઓ અહી રહેલા દરેક નમૂનાને જીણવટપૂર્વક તપસીને તેનો ઇતિહાસ જાણીને તેનામાં સંશોધન કાર્ય માં ઉપયોગ કરી શકે છે અને તેનો સંપૂર્ણ ઇતિહાસ રજૂ કરી શકે છે. અહી રહેલા નમૂનાઓ પરથી તેના જેવા બીજા નમૂનાઓ મેળવવા માટે તે જગયાનુ ઉત્ખનન કરી નવીન ઇતિહાસ રજૂ કરી શકે છે. આ સંશોધન કર્તાઓ અહી રહેલા નમૂનાઓ પર લખેલા લખાણોનો ઉપયોગ કરીને એ સામનો આર્થિક, સામાજિક, સાંસ્કુતિક, ઇતિહાસ ને વર્ણવી શકે છે તેમજ તેને અનુરૂપ યોગ્ય માહિતી એકઠી કરવામાં પણ મદદ મેળવી શકે છે. આ નમૂનાઓ પરથી આ પ્રદેશ ની સમગ્ર માહિતી જાણકાર બની શકીએ છીએ તેમજ અભ્યાસ માં મદદરૂપ થઈ શકે છે.

કોઈપણ ચીજવસ્તુઓને યોગ્ય સંભાળપૂર્વક સંગ્રહ કરવાની જગ્યા કે સ્થળને સંગ્રહાલય કહેવામા આવે છે. સંગ્રહાલયને અંગ્રેજીમાં મ્યુઝિયમ કહે છે. મ્યુઝિયમ શબ્દનું મૂળ તો ગ્રીક ભાષામાં 'Mouseion' શબ્દમાં રહેલું છે. એનો અર્થ થાય છે વિદ્યાભવન.[1] આથી મ્યુઝિયમને વિદ્યાકેન્દ્ર કે સંસ્કાર કેન્દ્ર પણ કહી શકાય. સંગ્રહાલયની અંદર ઘણી બધી વસ્તુઓ સાચવવામાં આવે છે, જેમ કે કલાકૃતિઓ, ફોટોગ્રાફ્સ, વિજ્ઞાન, ભૂગોળ, પુરાતત્વ, સંસ્કૃતિ કે માનવ વિદ્યાની મૂલ્યવાન સામગ્રી,

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

સ્થાપત્યો, હાથે બનાવેલ આકૃતિઓ કે કૃતિઓ, રમકડાં વગેરેનો સમાવેશ કરવામાં આવે છે. આ વસ્તુઓનો સંગ્રહ એ આવનારી પેઢીને જ્ઞાન અને અભ્યાસ અર્થે સંગ્રહ કરવામાં આવે છે. ક્યારેક તે જાહેર જનતા માટે જ્ઞાન વધારનાર અને આનંદના સ્થળ રૂપ બની જાય છે.

આ સંગ્રહાલયો એકહેતુક કે જે એક જ વિષય ઉપર હોય અને બહુહેતુક કે જેમાં પ્રાકૃતિક વ્યક્તિ વિષયક, તબીબી વિષયક, પુરાતત્વ વિષયક, લોક કલા વિષયક કે વિજ્ઞાન વિષયક હોય શકે છે. ભારતમાં અને વિશ્વમાં ઘણા બધા સ્થળોએ આવા સંગ્રહાલયો આવેલા છે. આ સંગ્રહાલયોનિ દ્રષ્ટિએ ભારતમાં ગુજરાતનો નંબર બીજો આવે છે. ગુજરાતમાં કુલ ૬૨ (બાસઠ) જેટલા નાના – મોટા સંગ્રહાલયો આવેલા છે. આમાંથી ૧૭ (સત્તર) જેટલા નાના – મોટા મ્યુઝિયમો તો આમદાવાદમાં આવેલા છે. [૨] આમ, સંગ્રહાલયોની બાબતમાં અમદાવાદ મોખરે ગણાય છે. અને તેના આ પ્રકારના સંગ્રહાલયો વિવિધ અને વિશિષ્ટ પ્રકારના છે.

ગુજરાતનું જૂનુ અને સૌપ્રથમ બનેલું સંગ્રહાલય એ કચ્છમાં આવેલું છે. ૧લી જુલાઈ ૧૮૭૭ માં આ મ્યુઝિયમની સ્થાપના થઈ હતી. આઝાદી પહેલા આ મ્યુઝિયમ ફર્ગ્યુસન મ્યુઝિયમ તરીકે ઓળખાતું હતું. અત્યારે આ મ્યુઝિયમ કચ્છ મ્યુઝિયમ તરીકે જાણીતું થયેલું છે.[3] આઝાદી પહેલા આ સંગ્રહાલય માત્ર કચ્છના મહારાજાનાં અંગત મહેમાનો માટે જ હતું. આઝાદી પછી આ મ્યુઝિયમનો ઉપયોગ પ્રજાને જોવા અને જ્ઞાનના ઉપયોગ માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. આ સંગ્રહાલયમાં કચ્છની કલા, પુરાવશેષો જોઈ શકાય છે. આ સંગ્રહાલયમાં ક્ષત્રપ સમયનાં શિલાલેખોનો સંગ્રહ વધુ પ્રમાણમાં છે. આ ઉપરાંત નાની - મોટી પાંચ હજાર જેવી કલાકૃતિઓ પ્રદર્શિત કરેલી છે. અહી મહત્વની ગણાય એવી વસ્તુ હોય તો તે કચ્છ રાજ્યનાં ચલણી સિક્કાઓ છે. તેમજ દેશ – વિદેશની ચલણી નોટોનો પણ સંગ્રહ કરેલો છે.[૪] અહી મ્યુઝિયમના પ્રાંગણમાં ટીપુ સુલતાને આપેલી ‘હૈદરી તોપ (ઈ.સ.૧૭૯૫)’ ખાસ જોવાલાયક છે.

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/



હૈદરી તોપ



કોરી સિક્કા

ગુજરાતમાં આવેલા મોટા સંગ્રહાલયોમાં રાજકોટનું વોટ્સન મ્યુઝિયમ છે. આ મ્યુઝિયમની સ્થાપના ઇ.સ. ૧૮૮૮ માં થઈ હતી. કોનોટ હોલ, લેંગ લાયબ્રેરી અને સંગ્રહાલય આ ત્રણેય વિભાગા આ મકાનમાં આવેલો છે. અહી, ભારતીય પુરાતત્વ ખાતાનું કાર્યાલય આવેલું છે. આ સંગ્રહાલયના ૯ (નવ) વિભાગો મુખ્ય છે.પુરાતત્વ વિભાગ, લઘુચિત્ર – હસ્તપ્રતો અને આધુનિક ભારતીય કલા વિભાગ, હસ્ત કલા, કાષ્ઠ કલા, ખનીજ, પ્રાણી વિભાગ વગેરે આવેલા છે. મહારાણી વિક્ટોરિયાની વિશાળ પ્રતિમા અહી જોવા મળે છે. યુરોપીય શિલ્પ કલાની ઝીણવટ આ પ્રતિમામાં જોઈ શકાય છે.[૫] આ સંગ્રહાલયમાં મોર્ય કાળથી માંડીને કુમાર દત્ત સુધીના શિલાલેખો, વિવિધ પાષાણ ઓજારો, પુરાતત્વ વસ્તુઓ, પ્રાચીન સ્થળની છબીઓ, હડપ્પા કાલીન સંસ્કૃતિના કુહાડીના ફણા અહી પ્રદશિત છે. જે ૪૫૦૦ વર્ષ જૂના છે.[૬] અહી ગાંધીજીના વિચારોને દર્શાવતુ 'ગાંધી કોર્નર' પ્રદશિત કરવામાં આવેલું છે.

Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY)
SINCE 2019
E-ISSN No. 2582 – 046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/



રાણી વિક્ટોરિયાની પ્રતિમા

ગુજરાતમાં આવેલા સંગ્રહાલયોમાં સૌથી પ્રચલિત સંગ્રહાલય તરીકે બરોડા મ્યુઝિયમ એન્ડ પિક્ચર ગેલેરી છે. જે વડોદરા શહેરમાં આવેલું છે. ગુજરાતનું આ સંગ્રહાલય બહુહેતુક વિષાળ સંગ્રહ ધરાવત સૌથી મોટા સંગ્રહાલયની સ્થાપના મહારાજા સયાજીરાવ ગાયકવાડના શાસનકાળ દરમિયાન ઇ.સ. ૧૮૯૪ માં થઇ હતી. ગાયકવાડના રાજવીઓને વિવિધ દેશોમાં ફરવાનો ઘણો શોખ હતો આથી તે જગ્યા કે દેશની વિશિષ્ટ કલાકૃતિઓ અને હુન્નરકલાનાં નમુનાઓ ખરીદતા હતાં. આ રીતે એકત્ર થયેલા આ વિશાળ સંગ્રહિત નમૂનાઓને સાચવવા માટે આ સંગ્રહાલયનો શિલાન્યાસ કરવામાં આવેલ છે. સંગ્રહાલયના મુખ્ય મકાનને જોડીને ચિત્ર વિથિકા એટલે કે પિક્ચર ગેલેરી બાંધવામાં આવી છે. આ ઇમારત પરંપરાગત મરાઠા શૈલીમાં લાકડાના માળખા વચ્ચે ઈંટના પૂરણથી બનેલી છે. ભોયતળિયું યુરોપીયન શૈલી પ્રમાણે છે. દિવાલોથી છતની ડાંગરીઓ પાર્થેનોનનાં નકશી શૈલીની છે. ઇમારતની દક્ષિણમાં પગથીયાની રચના ઉત્તર કાલીન મુસ્લિમ સ્થાપત્ય શૈલીની છે. પાછળથી બનેલ ચિત્ર વિથિકા યુરોપીયન શૈલીની રચના છે.[૭] સમગ્ર ઇમારતનું સ્થાપત્ય દર્શનીય છે. ઐતિહાસિક દ્રષ્ટિએ પ્રાગ ઐતિહાસિક અને આદ્ય ઐતિહાસિક કાળના પુરાવારુપ નમૂના પ્રદર્શિત કરેલ છે. વડોદરા

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

રાજ્યનો સમગ્ર ઇતિહાસ અને મરાઠા કાલિન કલાનો માહિતીપ્રદ પરિચય કરાવતાં નમૂનાઓ અહી પ્રદશિત કરવામાં આવેલાં છે.

આમ, આ સંગ્રહાલયો એ બહુહેતુક સંગ્રહાયો છે. જેમાં ઘણી બધી વસ્તુઓ, નમુનાઓ દ્વારા ઇતિહાસ જાણવામાં મદદરૂપ થાય છે. અને આ વસ્તુઓ અને નમૂનાઓને યોગ્ય સાચવણી કરવા માટે સંગ્રહાલયો ની સ્થાપના કરવામાં આવી છે. આ સંગ્રહાલયોમાં આવેલા નમુનાઓ દ્વારા ભારતીય સંસ્કૃતિનો યોગ્ય રીતે ઇતિહાસ જાણી શકાય છે. સરકાર દ્વારા શરૂ થયેલા આ સંગ્રહાલયોથી જાહેર જનતાને તેનો યોગ્ય ઉપયોગ કરી શકે છે. તેમજ જ્ઞાન વાચ્છુક અને સંશોધનકર્તાઓને પણ ખૂબ ઉપયોગી સાબિત થાય છે. સંશોધનકર્તાઓ આ નમુનાઓ સિક્કાઓ, શિલ્પો, સ્થાપત્યો પરથી તેની વંશાવલી રાજાના ક્રમો, રાજ્યની આર્થિક, સામાજિક, રાજકીય સ્થિતિ વિશે જાણી શકાય છે. આ સંગ્રહો પરથી વિશિષ્ટ તેમજ અજોડ માહિતી માટે સંશોધનકર્તા તેનો ઉપયોગ કરે છે. જાહેર જનતા માટે આવા સંગ્રહાલયો આનંદ અને મોજ શોખ નાં સાધનો પૂરા પાડે છે.

## ➢ સંદર્ભ ગ્રંથો

1. મણિયાર સોનલ – "ગુજરાતનાં સંગ્રહાલયો" – માહિતી ખાતું ગુજરાત રાજ્ય – અમદાવાદ.
2. ડો.માણેકભાઈ પટેલ – "આ છે અમદાવાદ" – ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય – અમદાવાદ.
3. જેકી પ્રમોદ – "સંસ્કૃતિ દર્શન ભુજ" – સ્વસ્તિક ઓફસેટ – ભુજ.
4. જાની મુદ્રિકા અને ભૌમિક સ્વર્ણકમલ – "ગુજરાતનાં મ્યુઝિયમ" – સંગ્રહાલય ખાતું વડોદરા – વડોદરા.
5. ચૌહાણ રમા – "અમદાવાદનાં સંગ્રહાલયો" – અમદાવાદ.
6. બરોડા સ્ટેટ – વહીવટી અહેવાલ – ૧૯૦૪ – ૧૯૦૫.
7. શાસ્ત્રી હરિપ્રસાદ – "શિલાલેખો અને તામ્રપત્રો : વિગતો અને વિવેચન" – ગુજરાત ગ્રંથનિર્માણ બોર્ડ – અમદાવાદ.